

અલગ માહોલ : કોરોનાએ જનજીવનના અનેક પરિણામો બદલી નાંખ્યા છે ત્યારે લગ્નની મોસમમાં પણ કંઈક અલગ પ્રકારના દશ્યો જોવા મળે છે. જાનૈયાઓ કે માંડવિયાઓ માસ્ક બાંધીને પ્રસંગે મ્હાલતા જોવાનો પણ એક લ્હાવો છે અને નવદંપત્તિ પણ મેચિંગવાળા માસ્ક પહેરીને લગ્નની વિધિમાં જોડાય ત્યારે કોરોના પર ગુસ્સાની પરાકાષ્ઠા સર્જાય છે અને પેલાં ઢોલવાળા પણ માસ્ક બાંધીને ઢોલ વગાડતાં વગાડતાં પ્રસંગની શોભા વધારતા હોય છે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગ પ્રસંગનું અનિવાર્ય પાસુ બની ગયુ છે. આજે ૧૦મીએ શહેરમાં અસંખ્ય લગ્નો યોજાયા હતા જેમાં ઠેર ઠેર કોરોનાકાળની પ્રતીતિ કરાવતા દશ્યો જોવા મળતાં હતા. બસ હવે તો કોરોના મુક્તિ માટે પ્રાર્થના કરીએ અને આવતી લગ્નની સિઝન સૌને ઉલ્લાસથી માણવા મળે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**યજમાન હુ કોઈ કામ કાયદા વિરુદ્ધ નથી કરતો... લગ્નની બધી જ વિધિ કરાવીશ એક હસ્તમેળાપ નહીં કરાવું.**

# ગાંધીનગર ડેપોમાં ઈલેક્ટ્રીક બસ સેવા શરૂ કરવાની યોજના અભેરાઈએ ચઢી

**છેલ્લા દોઢ વર્ષથી વાતો થઇ રહી છે : ગત વાઇબ્રન્ટમાં બસનુ મોડેલ પણ રજુ કરાયુ હતુ : પ્રાથમિક તબક્કે ડેપોને ૧૦ બસ ફાળવવા નિર્ણય લેવાયો હતો પરંતુ હજુ સુધી કાંઇ થયુ નથી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપોને ઈલેટ્રીક બસો ફાળવવા માટે છેલ્લા દોઢ વર્ષથી વાતો થાય છે. અગાઉ ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ બસનુ મોડેલ પણ રજુ થયુ હતુ જયારે ડેપોને પ્રાથમિક તબક્કે ૧૦ બસો ફાળવવાની પણ જાહેરાત થઈ હતી પરંતુ આખી યોજનાનુ સુરસુરિયુ થઈ ગયુ છે. આ માટે ચાર્જીંગ સ્ટેશન કાર્યરત કરવા માટે પણ હિલચાલ હાથ ધરવામાં આવી હતી પરંતુ હજુ સુધી આગળ કાંઈ થયુ નથી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસોને પણ તબક્કાવાર બદલીને તેના સ્થાને નવી બસો મુકવામાં આવી છે. જયારે નવી ડીઝલ બસો પણ અગાઉ તબક્કાવાર મુકવામાં આવ્યા બાદ સી એનજી બસો પણ દોડતી થઈ હતી જયારે હવે છેલ્લા દોઢ વર્ષથી એસ ટી ની સલામત સવારી અન્વયે ઈલેક્ટ્રીક બસો દોડાવવાની દીશામાં આયોજન કરવામાં આવ્યુ છે.

પરંતુ છેલ્લા દોઢ વર્ષથી આ યોજના હજુ હવામાં છે. અગાઉ ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન આ ઈલેક્ટ્રીક બસનુ મોડેલ પણ રજુ કરવામાં આવ્યુ હતુ જયારે પ્રાથમિક તબકકે ગાંધીનગર ડેપોને ૧૦ બસો ફાળવવા માટે પણ આયોજન કરાયુ હતુ. જયારે ઈલેક્ટ્રીક બસો દોડાવવા અન્વયે ડેપોમાં ચાર્જીંગ સ્ટેશન ઉભુ કરવા માટેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હતી. બસના ચાર્જીંગ માટે જગ્યા પણ ફાળવી દેવામાં આવી હતી. પરંતુ આખી યોજના હજુ અદ્રશ્ય મોડમાં છે. એકબાજુ આ સઘળી વાતો દરમિયાન કોરોનાની મહામારી આવી જતા છેલ્લા કેટલાક સમયથી હાલ દોડતી સલામત સવારી સામે પણ ગ્રહણ લાગ્યુ હતુ. જયારે એસ ટી બસ સેવા બંધ રહી હતી. હાલમાં પણ આમ નાગરિકો હજુ પુરતા પ્રમાણમાં એસ ટી બસ સેવાનો ઉપયોગ કરતા નથી પરંતુ આવા સંજોગોમાં બસ સુવિધાને અપગ્રેડ કરવાની યોજના પણ વિસરાઈ ગઈ છે. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત પણ અધ્ધરતાલ છે. ત્યારે ઈલેક્ટ્રીક બસ સેવા પણ હજુ ચાલુ થઈ નથી.

## તાલુકા પંચાયતની બે મહત્વની સમિતિઓની કરાયેલી પુનઃ રચના

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની પુનઃ રચના કરવામાં આવી હતી. આજે ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે આ ખાસ સામાન્ય સભા મળી હતી. આ બેઠકમાં કોંગ્રેસ પક્ષ દ્વારા સમિતિઓની રચના અંગેના પ્રસ્તાવો રજુ કરવામાં આવ્યા હતા. સામાજિક ન્યાય સમિતિની રચના અંગે બાબુજી ઠાકોરે પ્રસ્તાવ મૂકયો હતો. જેને સુરેશભાઈ પટેલે ટેકો આપ્યો હતો. આ સમિતિમાં સરસ્વતીબેન ભીલ, મનોજભાઈ અમીન, જેઠાભાઈ પરમાર, સી.આર. સોલંકી, વિનુબેન આર. આરસોડિયાની નિયુક્તી કરાઈ હતી.

તાલુકા પંચાયતની કારોબારી સમિતિમાં નવ સભ્યોની નિયુક્તીનો પ્રસ્તાવ સુરેશભાઈ પટેલે રજુ કર્યો હતો જેને સરસ્વતીબેન ભીલે સમર્થન કર્યુ હતુ. પાંચ મહિલા સભ્યો અને ૪ પુરૂષ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમિતિમાં લાલજીભાઈ ચૌધરી, આશાબેન પટેલ, તારાબેન ડાભી, વનીતાબા સોલંકી, જ્યોતિકાબેન બિહોલા, કંચનબેન સોલંકી, રમણજી ઠાકોર, બાબુજી ઠાકોર અને રસિકભાઈ ઠાકોરની પસંદગી કરવામાં આવી છે.

# શું પાર્થિવ પટેલ સ્થાનિક ક્રિકેટ પ્રતિભાઓને નિખારવા નિવૃતિકાળનો ઉપયોગ કરશે ?

**તાજેતરમાં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃતિ જાહેર કરનાર ગુજરાતના જાણીતા ક્રિકેટર પાર્થિવ પટેલે તેમના અનુભવ અને આવડતનો ઉપયોગ યુવા ક્રિકેટર્સના વિકાસ માટે કરવો જોઈએ તેવું ક્રિકેટ સાથે સંકળાયેલા અગ્રણીઓનું મંતવ્ય**

ગુજરાતના જાણીતા અને અમદાવાદના લાડકા ક્રિકેટર પાર્થીવ પટેલે ૩૫ વર્ષની વયે ક્રિકેટના દરેક ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. વર્ષ ૨૦૧૮માં અંતિમ વખત ટીમ ઈન્ડિયા માટે રમેલા



પાર્થિવ પટેલ આઈપીએલમાં પણ રમી ચુક્યા છે. તેમણે ૨૦૦૨માં ઈંગ્લેન્ડ પ્રવાસમાં ૧૭ વર્ષની વયે ટીમ ઈન્ડિયા તરફથી ડેબ્યુ કર્યુ હતુ અને તેઓ સૌથી યુવા વયે વિકેટ કિપર બેટ્સમેન તરીકે રમનારા ખેલાડી બન્યાં હતા. ગુજરાત ક્રિકેટમાં તાજેતરના કેટલાંક વર્ષોની વાત કરીએ તો પાર્થિવ પટેલ સૌથી સફળ અને લોકપ્રિય ખેલાડી તરીકે ઉભરી આવ્યા હતા. તેમની નિવૃતિ સાથે જ ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ક્રિકેટરોની પ્રતિભા આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકે તે માટે તેમણે કાર્યરત થઈ પોતાના અનુભવ અને શક્તિનો ઉપયોગ કરવો જોઈએ તેવો મત ઉઠી રહ્યો છે. ગાંધીનગર સમાચારે શહેરના ક્રિકેટમાં જાણીતા ખેલાડીઓ તથા ક્રિકેટ સાથે સંકળાયેલી વ્યક્તિઓ પાસેથી જાણવા પ્રયાસ કર્યો હતો કે નિવૃતિનો ઉપયોગ પાર્થિવ પટેલે ક્રિકેટના વિકાસ માટે કેવી રીતે કરવો જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ વિશ્વકપ વિજેતાપૂર્વ ભારતીય કપ્તાન કપિલદેવ પણ ગાંધીનગર ખાતે એકેડેમી ખોલવા માટે જાહેરાત કરી ચુક્યા છે પરંતુ હજુ સુધી તે માત્ર જાહેરાત જ બનીને રહી જવા પામી છે ત્યારે શહેરના ઉગતા યુવા ક્રિકેટરો કોઈ અનુભવી ખેલાડી દિશા નિર્દેશ કરે તે માટે ઝંખી રહ્યાં છે.

●●●



''ગુજરાત વતી કદાચ ભારત અને વિશ્વમાં ક્રિકેટનું એક જ નામ યાદ આવે પાર્થિવ પટેલ. એમણે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી અને નવા યુવા ખેલાડીઓને એક પ્રકારે આમંત્રણ આપ્યું છે. નિવૃતિ બાદ મારા મતે પાર્થિવે ગુજરાતમાં ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ક્રિકેટ ક્ષેત્રે પોતાના આંતરરાષ્ટ્રીય અનુભવ એક સમ પ્રમાણે વહેંચણી કરીને ગુજરાતના યુવાધનને આઈપીએલ, ટી-૨૦ કે વનડે માટે ઘડતર કરવુ જોઈએ. અંગત રીતે ગુજરાતના ખેલાડીઓ માટે ફિટનેસ અને ક્રિકેટની સ્કીલ માટે કંઈક નવા આયામ ઉપર પોતાની આવડત અનુભવનો ઉપયોગ કરીને કામગીરી કરશે તો ગુજરાતના યુવા ખેલાડીઓને ભારતીય ક્રિકેટ ક્ષેત્રમાં અલગ ઓળખ મળશે. કોચિંગ એકેડેમી તો ઘણી છે પણ આપણા ખેલાડીઓ માટે સ્પર્ધાત્મકતા નથી તો તેવી ટૂર્નામેન્ટ-મેદાનોની વ્યવસ્થા કરી શકાય. પાર્થિવ પટેલ નિવૃતિ દરમ્યાન કોચિંગ કોર્સીસ, વિડીયો એનાલિસ્ટ, ફિઝીયો વગેરે પરિણામો માટે યુવાનોને માર્ગદર્શન કરવાની પહેલ કરી શકે.''

**- વત્સલ વોરા**
**બીસીસીઆઈ લેવલ-૧, અમ્પાયર, ક્રિકેટ કોચ તથા ઓલરાઉન્ડર**

●●●



''પાર્થિવ પટેલ ઉમદા વ્યક્તિ સાથે મેનેજમેન્ટના માણસ છે, અને તેમણે જુનિયર ક્રિકેટથી જ ગુજરાતમાં પરિણામલક્ષી પ્રદર્શન આપ્યું છે. હું તેમને સ્કૂલના દિવસોથી જોતો આવ્યો છુ, તેઓ ગુજરાતના ખેલાડીઓ માટે એક રોલ મોડેલ છે અને તેમનામાં લીડરશીપના પણ ગુણો છે. તેમણે ગુજરાતમાં ક્રિકેટને એક નવી ઊંચાઈ બક્ષી છે અને મને લાગે છે કે તેઓ ગુજરાત ક્રિકેટનું સંચાલન સૌરવ ગાંગુલીની જેમ સંભાળી શકે તેમ છે, તેમના વહીવટમાં ગુજરાત ક્રિકેટ ચોક્કસ નવી ઉંચાઈઓને આંબી શકવા સમર્થ બની શકે છે.''

**- સલીલ યાદવ, આઈપીએલ, રણજી ટ્રોફી પ્લેયર**

●●●



''પાર્થિવ પટેલ ગુજરાતનું ઘરેણું છે. તેઓ નિવૃત્ત બાદ ગુજરાતમાં યુવા ક્રિકેટ પ્રતિભાઓને મદદરૂપ થઈને તેમના અનુભવનો લાભ આપી શકે તેમ છે. તેઓ આ બાબતે મુખ્યમંત્રીનો સંપર્ક સાધી સરકારની મદદથી શાળા કક્ષાએ ટૂર્નામેન્ટ યોજાય અને તેમાં વધુ ને વધુ બાળકો ભાગ લે તેવી કોઈ યોજના કાર્યરત કરે અને તેમાં તેઓ પોતાના અનુભવનો લાભ આપવાનું યોગદાન આપે તો ગુજરાતમાંથી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરના ક્રિકેટરો મળી શકે તેમ છે.''

**- દત્તાત્રેય દામોદર મોઝર**
**ડેપ્યુટી સેકશન અધિકારી, કલ્યાણ શાખા સામાન્ય વહીવટ વિભાગ**

●●●



''ગુજરાત રાજ્ય અને ભારતીય ક્રિકેટ જગતમાં ઘણા બધા સફળતાના શિખરો સર કરીને ગુજરાત રાજ્યને ખૂબ પ્રસિદ્ધ તથા ગૌરવ અપાવી રાજ્યનું નામ રોશન કરનાર પાર્થિવ પટેલે નિવૃતિ લીધી છે. તેઓ તેમનો કિંમતી અનુભવી માર્ગદર્શન રાજ્યમાં નવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટરો તૈયાર કરવા આપી શકે અને યુવા ક્રિકેટ પ્રતિભાઓના માર્ગદર્શક બની શકે છે. આજ પ્રમાણે તેઓ ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં તેમની સેવાઓ આપી રાજ્યના ક્રિકેજગતને ખૂબ ઉપીયોગી સાબિત થઈ શકે છે તેવુ મારૂ માનવુ છે.''

**- અતુલ બક્ષી, નિવૃત્ત ઉપસચિવ, ગુજરાત સરકાર તથા પૂર્વ ક્રિકેટર**

●●●



''પાર્થિવ પટેલ નિવૃતિ પછી હવે ગુજરાતમાં મીની આઈપીએલ ટાઈપની જુદી જુદી ટૂર્નામેન્ટ્સ અથવા ૫૦-૫૦ ઓવરની ટૂર્નામેન્ટસનું આયોજન કરવાનું બીડુ ઝડપે તો ગુજરાતના ખેલાડીઓમાં પ્રતિભા અને આત્મ વિશ્વાસ તો છે જ પરંતુ તેમના માર્ગદર્શન સાથે આ ખેલાડીઓ વધુ નીખરીને બહાર આવશે, તેમને વધુ પ્લેટફોર્મ મળતા વધુ ખેલ પ્રતિભાઓ બહાર આવશે. ગુજરાતના લોકલ ક્રિકેટમાં વધુ સ્પર્ધાઓ રમાય તે માટે પ્રયાસ કરે જેને સ્પોર્ટસ ચેનલ થકી લાઈવ પ્રસારણ થાય તે માટે પ્રયાસ કરી શકે છે. આમ તો નિવૃતિ પછી તેમના પોતાના ઘણા પ્લાન હશે જ પરંતુ તેઓ ચોક્કસ તેઓ આ બાબતે કંઈક નક્કર આયોજન લઈને આવશે તેવો મને વિશ્વાસ છે.''

**- રાજેશ તાબિયાર, રણજી ટ્રોફી ખેલાડી**

# ચિલોડા પંથકમાં બટાટાનું વિક્રમી વાવેતર થયું

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, ઈસનપુર મોટા, મગોડી, શિવપુરાકંપા, જાખોરા, ચંદ્રાલા તથા દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ વર્ષે રવી સીઝનમાં રવીપાક તરીકે બટાટાનું વિક્રમી વાવેતર કરવામાં ખેડૂતોએ વધુ રસ દાખવ્યો છે. બટાટાના વાવેતરમાં પોખરાજ, બાદશાહ, લોકર, એલ.આર. જાતના બટાટાનું વાવેતર કરવામાં ખેડૂતો વધુ રસ દાખવ્યો છે. પરંતુ ચાલુ સાલે બટાટાના બિયારણનો ભાવ ઊંચો રહેવા પામ્યો હતો. પરિણામે એક વીઘાના વાવેતરમાં ખેડ, ખાતર, પાણી, બિયારણ અને અન્ય આધુનિક ટ્રેક્ટરો, આધુનિક સિંચાઈ પદ્ધતિ દ્વારા વાવેતર કરવામાં ખર્ચ વધતાં ખેડૂતોમાં આર્થિક બોજો વધુ આવતાં ચિંતાજનક બાબત બની હતી. આમ છતાં હાલમાં ખેતરોમાં બટાટાના



વાવેતરથી ખેતરો સલાછમ્મ હરિયાળાં નંદનવન બનતાં ખેડૂતોના હૈયે ખુશીનો માહોલ છવાયો છે.

શિયાળાની ઋતુ પ્રમાણે હજુ ઠંડીનો બરાબર માહોલ ન જામતાં સાનુકૂળ વાતાવરણના અભાવે રવી સિઝનમાં શાકભાજી, બટાટા, ઘઉંના પાકને ઠંડીનું વાતાવરણ મળે તો પાકની ગુણવત્તામાં ઝડપથી સુધારો થાય તેવુ ખેડૂતો ઈચ્છી રહ્યા છે. આ પંથકમાં બટાટાનું વિક્રમી વાવેતરથી વિક્રમી ઉત્પાદન થશે પણ પોષણક્ષમ ભાવ મળે તેવી ગણતરી માંડી રહ્યા છે. ત્યારે વિક્રમી ખર્ચ સરભર થશે અને ફાયદારૂપ બને તેવા એંધાણો વર્તાઈ રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ આ રવિવારની અંતિમ મતદારયાદી સુધારણાની સઘન ઝુંબેશમાં ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથના મતદારોની નોંધણી થાય તે માટે ખાસ બેઠક કરી હતી.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે 'બેટી બચાવો બેટી પઢાઓ' કુપોષણમુક્તિ અભિયાન અંગે જિલ્લાકક્ષાની સમિતિની બેઠકમાં સમીક્ષા કરાશે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન રજા પરથી આજે તેમની ફરજ પર હાજર થતાં પંચાયતમાં કામગીરીનો ધમધમાટ જોવા મળ્યો હતો.
- ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મ જગતના બે જાણીતા અભિનેતાઓ સુરેશ રાજડા અને મનોજ જોશી ગાંધીનગરમાં શુટીંગમાં વ્યસ્ત છે.
- ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની હિંમતનગર ખાતે ૧૨મી ડિસેમ્બરના રોજ કારોબારી સમિતિની બેઠક મળશે જેમાં તેમના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચાઓ થશે. પ્રકાશ ત્રિવેદીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરાશે.
- ૧૫મી ડિસેમ્બરના રોજ પંચાયત પરિષદની કારોબારી સમિતિની બેઠક પંચાયત પરિષદ ભવન ખાતે મળશે.
- રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ઘરે લગ્નના ઢોલ ઢબુકશે. દિકરા ઋષભના ગોળધાણા ખાવાના અને લગ્નનુ મૂહુર્ત જોઈ લગ્ન લેવાશે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**
Ramkrishna Paramhans Education Complex, Nr. Mahatma Mandir, "KH"-5, Secto-15, Gandhinagar. Contact : 9978407756

**ટેન્ડર શોર્ટ નોટીસ ૨૦૨૦-૨૧**

આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર, દ્વારા વિવિધ કામગીરી માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. જે કામો માટે નીચે મુજબના શિડયુલ પ્રમાણે ટેન્ડર ભરવાના રહેશે.

| | |
|---|---|
| ટેન્ડર ખુલવાની તારીખ | તા. ૧૧/૧૨/૨૦૨૦, ૧૬:૦૦ કલાકે |
| પ્રી-બીડ મિટિંગ તારીખ | તા. ૧૪/૧૨/૨૦૨૦, ૧૭:૦૦ કલાકે |
| ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૧૭/૧૨/૨૦૨૦, ૧૮:૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ફી, EMD અને દસ્તાવેજો/ડોક્યુમેન્ટ રજુ કરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૧૭/૧૨/૨૦૨૦, ૧૮:૦૦ કલાક સુધીમાં પહોચતું કરવાનું રહેશે. |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.૧૮/૧૨/૨૦૨૦, ૧૪:૦૦ કલાકે |

રસ ધરાવતા ઈજારદારો www.iite.ac.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરી ભરી શકે છે.

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૧૦/૧૨/૨૦૨૦**

**કુલસચિવ**
**આઈ.આઈ.ટી.ઈ.ગાંધીનગર**